Upload 19 10 2024 National 1.20am (NSD) Afternoon-1

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 19-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે “કર્મયોગી સપ્તાહ – રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ”નો પ્રારંભ કરાવશે.
2) નિર્મલા સીતારમણે, મેક્સિકોના નાણામંત્રી સાથે મુલાકાત કરીને દ્વીપક્ષિય વ્યાવસાયિક સંબંધો વધુ મજબૂત બનાવવા ચર્ચા કરી
3) કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ઉપ,થિતિમાં ઇન્ડિયા ગઠબંધન દ્વારા ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીને લઇને બેઠકોની વહેંચણી માટે વાટાઘાટો..
4) મમતા સરકાર સોમવાર સુધી ડૉક્ટરોની માંગણી નહી સ્વીકારે તો બીજા દિવસથી રાજ્યવ્યાપી હડતાળની તબીબોની ચેતવણી
5) યુગાન્ડામાં મંકી પોક્સના 49 કેસ નોંધાયા... વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા યુગાન્ડા સરકારને સહાય આપવા ખાત્રી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *KARMAYOGI SAPTAH PM MODI*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે “કર્મયોગી સપ્તાહ – રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ”નો પ્રારંભ કરાવશે. આ સપ્તાહ અંતર્ગત દરેક કર્મયોગીએ ઓછામાં ઓછા ચાર કલાકની યોગ્યતા સાથે જોડાયેલ શિક્ષણ પ્રાપ્ત કરવું પડશે. આ માટે મંત્રાલયો અને વિભાગ ક્ષેત્ર-વિશિષ્ય ક્ષમતાઓને વધારવા માટે વર્કશૉપ અને સેમિનારનું આયોજન કરશે.

રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ - NLW વ્યક્તિગત સહભાગીઓ, મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના જોડાણ દ્વારા શીખવા માટે સમર્પિત રહેશે. NLW દરમિયાન દરેક કર્મયોગી ઓછામાં ઓછા 4 કલાકની યોગ્યતા-સંબંધિત શિક્ષણનું લક્ષ્ય હાંસલ કરવા પ્રતિબદ્ધ રહેશે.

પ્રતિભાગીઓ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા iGOT, જાહેર વ્યાખ્યાનો પૉલીસી માસ્ટરક્લાસ જેવા વેબિનાર્સ પર વ્યક્તિગત ભૂમિકા-આધારિત મોડ્યુલોના મિશ્રણ દ્વારા લક્ષ્યાંકિત કલાકો પૂર્ણ કરી શકે છે.

## *NIRMALA-MEXICO*

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ભારત અને મેક્સિકો વચ્ચેનો સહયોગ બહુ-ક્ષેત્રીય હોઈ શકે છે. નાણામંત્રીએ મેક્સિકો સિટીમાં વેપાર અને રોકાણ સહયોગ વધારવા પર ઈન્ડિયા મેક્સિકો ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ભાગ લેતી વખતે આ વાત કરી હતી. મેક્સિકો સિટીના આર્થિક વિકાસ મંત્રી મનોલા ઝબોલ્ઝા અલ્દામાએ પણ સમિટમાં હાજરી આપી હતી.

નાણામંત્રી સીતારમણે પોતાના સંબોધનમાં કહ્યું કે, બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ વધારવાની અપાર સંભાવનાઓ છે. સિતારામણે જણાવ્યું હતું કે, ભારત રોકાણ માટે ખાસ કરીને ફાર્મા, ઉત્પાદન અને ઓટોમોટિવ ક્ષેત્રોમાં વિપુલ તકો પ્રદાન કરે છે.

નાણામંત્રીએ UPI જેવી પહેલ સાથે ફિનટેક સેક્ટરમાં 87 ટકાના દર સાથે ડિજિટલ અર્થતંત્રમાં વૈશ્વિક સ્તરે ભારતના વિકાસને પણ વર્ણવ્યો હતો.. ઇન્વેસ્ટમેન્ટ સમિટની દરમિયાન નાણામંત્રીની ઉપસ્થિતિમાં ભારતીય ઉદ્યોગ સંઘ અને કોન્સેજો કોઓર્ડિનેડર એમ્પ્રેસરિયલ વચ્ચેના એમઓયુ થયા હતા..

એક અન્ય  કાર્યક્રમમાં, નાણામંત્રી નિર્મલા સીતારમણ મેક્સિકોના નાણા અને જાહેર ધિરાણ સચિવ ડો. રોજેલિયો રામિરેઝ ડે લા ઓ ને પણ મળ્યા હતા. મીટિંગ દરમિયાન, તેમણે મેક્સિકો સરકાર સાથે તેના અનુભવો શેર કરીને સહયોગ વધારવા માટે ભારતની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## *INDIA BLOC-JHARKHAND POLLS*

I.N.D.I.A. ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી માટે સીટ-વહેંચણીની ફોર્મ્યુલા નક્કી કરવા માટે તેમના સાથી પક્ષો સાથે વાટાઘાટોમાં વ્યસ્ત છે. આ વખતે ઝારખંડ મુક્તિ મોરચો કોંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ (RJD), અને CPI (ML) સાથે ચૂંટણી લડશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે ભારત બ્લોકની બેઠક વહેંચણીની ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપવા માટે રાંચીની મુલાકાતે છે. તેઓ ઝારખંડ મુક્તિ મોરચાના કાર્યકારી અધ્યક્ષ અને મુખ્ય પ્રધાન હેમંત સોરેન અને RJDના વરિષ્ઠ નેતા તેજસ્વી પ્રસાદ યાદવ સાથે બેઠક કરશે

એનડીએના સાથી પક્ષો વચ્ચે સીટ વહેંચણીની ફોર્મ્યુલાની જાહેરાત થઈ ચૂકી છે. ભાજપ 68 સીટો પર લડશે, જ્યારે 10 સીટો ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન પાર્ટીને ફાળવવામાં આવી છે. બે બેઠકો, જમશેદપુર પશ્ચિમ અને તામર, જનતા દળ (યુનાઇટેડ)ને આપવામાં આવી છે, અને ચત્રા (છત્રા)ની એક બેઠક ચિરાગ પાસવાનની આગેવાની હેઠળની એલજેપીને ફાળવવામાં આવી છે.

દરમિયાન ગઈકાલે વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા હતા. આ તબક્કામાં 13મી નવેમ્બરે 43 મતક્ષેત્રો પર મતદાન થશે, જ્યારે બીજા તબક્કાનું મતદાન 20મી નવેમ્બરે આડત્રીસ મતવિસ્તારોમાં થશે. 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરવામાં આવશે.

## *WEST BENGLE DOCTORS*

જો પશ્ચિમ બંગાળની મમતા સરકાર, સોમવારે માંગણીઓ નહીં સ્વીકારે તો, મંગળવારથી તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ડોક્ટરો સંપૂર્ણ હડતાળ પર જશે. શુક્રવારે રાત્રે જુનિયર અને સિનિયર ડોક્ટરો વચ્ચે યોજાયેલી બેઠક બાદ, આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જુનિયર ડોક્ટર દેબાશીષ હલદારે જણાવ્યું હતું કે, જો સરકાર સોમવાર સુધીમાં અમારી તમામ માંગણીઓ પૂરી નહીં કરે તો અમે મોટા પાયે હડતાળ પર જવાની ફરજ પડશે. તેમણે કહ્યું કે, આ હડતાળમાં વરિષ્ઠ ડોકટરો પણ ભાગ લેશે.

જુનિયર તબીબોની 10 માંગણીઓમાં આરજી કર ની ઘટનાની તપાસ અને આરોગ્ય સેવામાં સુધારાની માંગ મુખ્ય છે. જુનિયર તબીબો છેલ્લા બે મહિનાથી આંદોલન કરી રહ્યા છે. દરમિયાન ભૂખ હડતાળના કારણે છ જુનિયર તબીબો બીમાર પડ્યા છે. તેમાંથી પાંચ હોસ્પિટલમાં દાખલ છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ

સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## TERROR INCIDENT -J&K

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ગઈકાલે દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં એક ગામમાં આતંકવાદીઓ દ્વારા એક ફેરિયાની નિર્દય હત્યાની નિંદા કરી છે. મૃતક અશોક ચૌહાણ બિહારનો રહેવાસી હતો. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ જણાવ્યું હતું કે સમગ્ર રાષ્ટ્ર તેમના પરિવાર સાથે છે તેમણે ઉમેર્યું હતું કે સુરક્ષા દળો ગુનેગારોને શોધી કાઢવા અને તેમને ન્યાય અપાવવા માટે કટિબદ્ધ છે.

શ્રી સિંહાએ જમ્મુ કાશ્મીર પોલીસ અને શોપિયા જિલ્લા વહીવટીતંત્રને શોકગ્રસ્ત પરિવારને તમામ સહાય આપવાનો નિર્દેશ આપ્યો છે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ આતંકી ઘટનાની નિંદા કરી છે અને શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

## UGANDA MPOX

યુગાન્ડામાં, 49 નવા મંકી પોક્સ કેસ નોંધાયા છે, જે દેશમાં લેબોરેટરી દ્વારા પુષ્ટિ થયેલ ચેપની કુલ સંખ્યા 145 થઇ છે. દેશના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે યુગાન્ડાની રાજધાની કમ્પાલામાં આ રોગના 27 નવા કેસ નોંધાયા છે, છેલ્લા અઠવાડિયામાં પૂર્વ આફ્રિકન દેશમાં મંકી પોક્સના સૌથી વધુ કેસ નોંધાયા છે.

દેશના 19 અસરગ્રસ્ત જિલ્લાઓમાં હજુ સુધી કોઈ મૃત્યુ નોંધાયું નથી.

યુગાન્ડામાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે મંકી પોક્સના વધતા જતા કેસને કાબૂમાં લેવા માટે સરકારના પ્રયાસો સાથે જ છે.

## TELANGANA-EDUCATION

તેલંગાણા સરકારે શિક્ષણ ક્ષેત્રને સુધારવા અને મજબૂત કરવા માટે તેલંગાણા શિક્ષણ પંચની રચના કરી છે. આ પંચનું નેતૃત્વ નિવૃત્ત IAS અધિકારી એ. મુરલી કરશે. સરકારે ગઈકાલે આ અંગેના આદેશો જારી કર્યા હતા. તેલંગાણા શિક્ષણ પંચ નીતિઓ ઘડવામાં, પડકારોને પહોંચી વળવા અને રાજ્યની શિક્ષણ પ્રણાલી બદલાતી જરૂરિયાતો સાથે સતત વિકસિત થાય તે સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. કમિશનના સભ્યો પી.એલ.વિશ્વેશ્વર રાવ છે, જે તેમની શૈક્ષણિક કુશળતા માટે જાણીતા પ્રોફેસર છે, પ્રતિષ્ઠિત શિક્ષણશાસ્ત્રી સી. વેંકટેશ અને કે. જ્યોત્સના શિવા રેડ્ડી જેમણે શૈક્ષણિક સુધારા માટે વિચારોનું યોગદાન આપ્યું છે. આ સભ્યોનો કાર્યકાળ અધ્યક્ષની જેમ જ રહેશે

## IMD-RAINFALL

ભારતીય હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટક સહિત દેશના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન એજન્સીએ આવતીકાલે અને સોમવારે આંદામાન અને નિકોબાર ટાપુઓ માટે આ પ્રમાણેનીજ  આગાહી કરી છે. ગંગાના પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં પણ આ મહિનાની 23 અને 24 તારીખે ભારે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગે  આગાહી કરી છે કે ઉત્તરપશ્ચિમ, પશ્ચિમ, મધ્ય અને ઉત્તરપૂર્વ વિસ્તારોમાં કોઈ નોંધપાત્ર વરસાદ નહીં પડે. ઉત્તર આંદામાન સમુદ્ર પર તાજા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની શક્યતા છે. તેના પ્રભાવ હેઠળ, આ મહિનાની 22 તારીખની આસપાસ મધ્ય બંગાળની ખાડી પર હળવુ દબાણ રચાય તેવી શક્યતા છે.

# HOCKEY

ભારતીય જુનિયર પુરૂષ હોકી ટીમ આજે મલેશિયામાં 12મા સુલતાન જોહોર કપમાં તેમની પ્રથમ મેચમાં જાપાન સામે રમશે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે 1 વગીને 35 મિનિટે શરૂ થશે.

આ મહિને ભારતનો સામનો 20મીએ બ્રિટન, 22મીએ મલેશિયા અને 23મીએ ઓસ્ટ્રેલિયા સામે થશે. ભારતીય ટીમની ગ્રુપ સ્ટેજની છેલ્લી મેચ આ મહિનાની 25મીએ ન્યૂઝીલેન્ડ સાથે થશે.

સુલતાન જોહોર કપ 2011માં શરૂ થયો હતો. ભારત અને બ્રિટનની ટીમોએ ત્રણ-ત્રણ વખત આ ખિતાબ જીત્યો છે.

# TEST MATCH

ભારત અને ન્યુઝિલેંડ વચ્ચે રમાઇ રહેલી બેગ્લુરૂ ખાતેની પ્રથમ ટેસ્ટમાં ફરી પાછુ વરસાદનું વિઘ્ન આવ્યું છે. જેને કારણે રમત બંધ રહી છે. રમત બંધ રહી ત્યારે ભારતે ત્રણ વિકેટે 344 રન બનાવ્યા હતા.. સરફરાઝ ખાન 125 અને ઋષભ પંત 53 રને રમતમાં છે.. જોકે હજુ પણ ભારત ન્યુઝિલેંડ કરતાં બાર રન પાછળ છે.. અગાઉ ભારત 46 રનમાં જ ઓલ આઉટ થઇ ગયુ હતુ અને ન્યુઝિલેંડે 402 રન બનાવ્યા હતા..આજે મેચનો ચોથો દિવસ છે..

# ARCHERY WORLD CUP FINAL 2024

તીરંદાજી વિશ્વ કપ ફાઇનલ આજથી મેક્સિકોના ત્લાક્સકાલા ડી ઝિકોહટનકાટલમાં શરૂ થશે.

સ્પર્ધામાં ભાગ લેનાર પાંચ ભારતીયોમાં એશિયન ગેમ્સની સુવર્ણ ચંદ્રક વિજેતા જ્યોતિ સુરેખા વેન્નમ, ઓલિમ્પિયન દીપિકા કુમારી અને ધીરજ બોમ્માદેવરા અને પ્રિયાંશ અને પ્રથમેશ ફુગે છે. પુરુષોની કમ્પાઉન્ડ વ્યક્તિગત સ્પર્ધા  આજે રાત્રે 9.30 વાગ્યે શરૂ થશે.

32 પસંદગી પામેલ તીરંદાજો સિઝનના અંતમાં વિશ્વ કપ ફાઇનલમાં જોવા મળશે, 2024 સીઝનની આ છેલ્લી આંતરરાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધા છે.